## સમાજલક્ષી મનોવિજ્ઞાનની પદ્ધતિઓ :

સામાજિક વર્તન અને સામાજિક આંતર ક્રિયાઓનો વૈજ્ઞાનિક અભ્યાસ કરવા માટે નીચે મુજબની પદ્ધતિઓ દ્વારા અભ્યાસ કરવામાં આવે છે.

(૧) નિરીક્ષણ પધ્ધતિ
(૨) પ્રયોગ પધ્ધતિ
(૩) પ્રશ્નાવલી પધ્ધતિ
(૪) મુલાકાત પધ્ધતિ
(૫) સમાજમિતિ

### (1) નિરીક્ષણ પધ્ધતિ :

અર્થ :

નિરીક્ષણ એટલે તાલીમબદ્ધ નિરીક્ષકો દ્વારા અન્ય વ્યક્તિઓના વર્તનનું નિશ્ચિત હેતુપૂર્વક પધ્ધતિસર રીતે ચોકસાઈપૂર્વક કરવામાં આવતું અવલોકન.

સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં સામાજિક વર્તન, સામાજિક પરિસ્થિતિઓ, સામાજિક આંતરક્રિયાઓનું વૈજ્ઞાનિક રીતે અવલોકન કરવામાં આવે છે. આ પધ્ધતિમાં સામાન્ય રીતે અન્ય વ્યક્તિના ચહેરાના હાવભાવો, અંગ ચેષ્ટાઓ તેમજ ભાષા કે વાણીનું અવલોકન કરવામાં આવે છે અને તે અંગેની માહિતીની નોંધ કરવામાં આવે છે.

* નિરીક્ષણ ના અંગો :

મુખ્ય ચાર અંગો છે.

(૧) **વર્તનનું પ્રત્યક્ષ અવલોકન** : વિવિધ સામાજિક વર્તનો, સામાજિક પરિસ્થિતિઓ અને સામાજિક ઘટનાઓનું ઝીણવટભરી રીતે પ્રત્યક્ષ અવલીકન કરવામાં આવે છે.

(૨) વર્તનની નોંધ : નિરીક્ષક વર્તનનું અવલોકન કરીને વર્તનની કાળજી પૂર્વક નોંધ કરે છે. વર્તનની નોંધ ચોકસાઈપૂર્વક, વસ્તુલક્ષી અને વૈજ્ઞાનિક રીતે થાય એ આવશ્યક છે.

(૩) વર્તનની વ્યાખ્યા અને પૃથક્કરણ : વર્તનની નોંધ ને આધારે વર્તનનું વર્ણન કરીને સ્પષ્ટીકરણ કરવામાં આવે છે. વર્તનનું પૃથક્કરણ – વિશ્લેષણ કરીને વર્તન અંગે સમજુતી આપવામાં આવે છે.

(૪) સામાન્યીકરણ : વર્તનના અવલોકન અને વિશ્લેષણ ને આધારે વર્તનની સમજુતી મેળવી વર્તન અંગે સામાન્યીકરણ કરવામાં આવે છે.

* નિરીક્ષણના પ્રકારો :

(૧) સાદું નિરીક્ષણ (20 વ્યવસ્થિત નિરીક્ષણ અને (૩) ક્ષેત્ર નિરીક્ષણ.

(૧) સામાન્ય રીતે રોજબરોજના જીવનમાં ઉદ્ભવતી સામાજિક પરિસ્થિતિઓ, સામાજિક ઘટનાઓ અને સામાજિક વર્તનોના નિરીક્ષણને **સાદું કે અવ્યવસ્થિત નિરીક્ષણ** કહે છે.

(૨) જયારે નિરીક્ષણ હેતુપૂર્વક, આયોજનપૂર્વક, ચોકસાઈપૂર્વક અને કાળજીપૂર્વક કરવામાં આવે ત્યારે તેને **વ્યવસ્થિત નિરીક્ષણ** કહે છે.

(૩) વિશાળ જનસમુદાયનું સ્થળ પર એટલે કે ક્ષેત્ર પર જઈને કુદરતી પરિસ્થિતિમાં નિરીક્ષણ કરવામાં આવે તેને **ક્ષેત્ર નિરીક્ષણ** કહે છે.

• **<u>નિરીક્ષણની પ્રયુક્તિઓ :</u>**

નિરીક્ષણ બને તેટલું વધુ સર્વાંગી, વસ્તુનિષ્ઠ અને વિશ્વસનીય બને તે માટે નીચેની કેટલીક પ્રયુક્તિઓ કે રીતોનો ઉપયોગ કરવામાં આવે છે.

(૧) નિરીક્ષણ કરવા તાલીમ પામેલા અનેક નિરીક્ષકોનો ઉપયોગ કરવામાં આવે છે. એકાદ નિરીક્ષક પોતાના પૂર્વગ્રહોથી દોરાય અથવા એકાદ નિરીક્ષક જરૂરી વિગતોનું નિરીક્ષણ કરવાનું ભૂલી જાય, તેને પરિણામે નિરીક્ષણ દ્વારા પ્રાપ્ત માહિતી વિશ્વસનીય બનતી નથી. તેથી અનેક તાલીમબદ્ધ નિરીક્ષકો એક જ સામાજિક પરિસ્થિતિનું નિરીક્ષણ કરે છે.

(૨) નિરીક્ષણ લાંબા સમય સુધી અનેકવાર કરવામાં આવે છે.

(૩) સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં બાળકોના સામાજિક વર્તનનો અભ્યાસ કરવા માટે એકતરફી દશ્યકાચનો ઉપયોગ કરવામાં આવે છે. પરિણામે બાળકોના સ્વાભાવિક વર્તનનું નિરીક્ષણ થઇ શકે છે.

(૪) નિરીક્ષણની માહિતી સંપૂર્ણ બનાવવા માટે કેટલા ક સદા અને જટિલ સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. નિરીક્ષક કેટલીકવાર ટેપરેકોર્ડીંગ યંત્ર, ધ્વનીવાહક યંત્ર, કેમેરા તથા મુવી કેમેરા – ચલચિત્રનો પણ ઉપયોગ કરે છે. પરિણામે નીરીક્ષકે જે વર્તનનું નિરીક્ષણ કર્યું હોય , તેનો અભ્યાસ પોતાની અનુકુળતાએ વારંવાર કરી શકે છે.

ઉપરોક્ત પ્રયુક્તિઓ દ્વારા સમાજલક્ષી મનોવૈજ્ઞાનિકોએ નિરીક્ષણ પદ્ધતિને વધુ ચોક્કસ અને વૈજ્ઞાનિક સ્વરૂપ આપ્યું છે.

## નિરીક્ષણના ફાયદાઓ અને મર્યાદાઓ :

**ફાયદાઓ :-**

(૧) બાળકો, મનોરોગીઓ અને સામાજિક રીતે વિચલિત વ્યક્તિઓનો અભ્યાસ નિરીક્ષણ પધ્ધતિથી જ કરી શકાય છે.

(૨) સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં સમૂહવર્તનો – ટોળું અને શ્રીતાગણનો, આંતરજૂથ સંઘર્ષોનો વગેરેનો અભ્યાસ નિરીક્ષણ પધ્ધતિથી જ થઇ શકે છે.

(૩) જ્યાં પ્રયોગો શક્ય નથી ત્યાં ક્ષેત્ર નિરીક્ષણ પધ્ધતિથી કુદરતી પરિસ્થિતિમાં સામાજિક ઘટનાઓનો અને તેમની અસરોનો અભ્યાસ કરી શકાય છે.

(૪) નિરીક્ષણનું ક્ષેત્ર વિશાળ છે અને નિરીક્ષણ ગમે ત્યારે કરી શકાય છે. એ તેનો મહત્વનો ફાયદો છે.

**મર્યાદાઓ :**

(૧) સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં સામાજિક પરિસ્થિતિનું કરવામાં આવતું હોવાથી કેટલીક જરૂરી વિગતો રહી જાય, તેમ બનવાનો સંભવ છે.

(૨) નિરીક્ષકની અંગત માન્યતાઓ અને પૂર્વગ્રહોની અસર પણ નિરીક્ષણ પર પડે છે.

ઉપરોક્ત મર્યાદાઓ હોવા છતાં નિરીક્ષણ પધ્ધતિ સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં મહત્વનું સ્થાન ધરાવે છે. ટોળાકીય વર્તન,યુદ્ધ દરમિયાનનું વર્તન, સંસ્કૃતિ વગેરેના અભ્યાસ માટે નિરીક્ષણ પધ્ધતિ અનિવાર્ય પધ્ધતિ છે.

# પ્રયોગ પધ્ધતિ :

**પ્રસ્તાવના :-**

પ્રત્યેક વિજ્ઞાનની આ સર્વ શ્રેષ્ઠ પધ્ધતિ છે. – સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં પણ સામાજિક વર્તનોના વૈજ્ઞાનિક સ્પષ્ટીકરણ માટે આ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે..

**અર્થ :-**

પ્રયોગ એટલે નિયંત્રિત પરિસ્થિતિમાં કરવામાં આવેલું અવલોકન.

અહીં પણ ઉપજાવેલી સમાજિક પરિસ્થિતિમાં કોઈ એક પરીબળ કે ઘટકની અસર વ્યક્તિના સામાજિક વર્તન પર કેવી થાય છે તેનો અભ્યાસ – વ્યવસ્થિત વ્યાખ્યા નીચે છે.

**પ્રયોગ એટલે હેતુપૂર્વક સામાજિક રીતે કૃત્રિમ પરોસ્થીતી ઉપજાવી, તેના પર નિયંત્રણ મૂકી, કરવામાં આવેલું અવલોકન.**

## પ્રયોગનું મૂળભૂત સ્વરૂપ (પ્રયોગમાં પરિવર્ત્યોનું સ્થાન) :

પ્રયોગમાં (૧) અમુક પરીવર્ત્યોની હાજરી સામાજિક વર્તન પર અસર પહોંચાડે છે.તેમાં પધ્ધતિ સર રીતે પરિવર્તન કરવામાં આવે છે તેમજ (૨) આવા પરીવર્ત્યની અન્ય પરીવર્ત્ય પર થતી અસર માપવામાં આવે છે. બીજા શબ્દોમાં – પ્રયોગમાં સ્વતંત્ર પરીવર્ત્યની આધારિત પરીવર્ત્ય પર થતી અસર માપવામાં આવે છે.

પ્રાયોગિક પરિસ્થિતિમાં ઉપસ્થિત થતા ઘટકોને પરીવર્ત્ય કહે છે. પરીવર્ત્યોના મુખ્ય ત્રણ પ્રકારો છે.

(૧) સ્વતંત્ર પરીવર્ત્ય (૨) આધારિત પરીવર્ત્ય અને (૩) નિયંત્રિત પરીવર્ત્યો.

જે ઘટકમાં પ્રયોગ કરતા પોતાની ઈચ્છા મુજબ ફેરફારો કરે છે તેને **સ્વતંત્ર પરીવર્ત્ય** કહે છે.

પ્રયોગમાં સ્વતંત્ર પરીવર્ત્યની અસરને લીધે વ્યક્તિ કે વ્યક્તિઓ પર જે અસર થાય છે એટલે કે સ્વતંત્ર પરીવર્ત્ય જેના પર અસર કરે છે તે ઘટક કે પરીવર્ત્યને **આધારિત પરીવર્ત્ય** કહે છે.

પ્રયોગ દરમિયાન પ્રયોગ કરતા જે કોઈ અન્ય પરીવર્ત્યોનું નિયંત્રણ કરે છે એ બધા જ પરીવર્ત્યોને **નિયંત્રિત પરીવર્ત્યો** કહે છે.

પ્રયોગમાં સ્વતંત્ર પરીવર્ત્યની અસર જણાય તો કહી શકાય સ્વતંત્ર પરીવર્ત્યમાં કરવામાં આવેલા પરિવર્તનની આધારિત પરીવર્ત્ય પર એટલે કે પ્રયોગ પાત્રોની પ્રતિક્રિયાઓ પર અસર થાય છે.

પ્રયોગ પદ્ધતિની સફળતાની શરતો :

૧. પ્રાયોગિક પરિસ્થિતિમાં વિઘેયોની ફાળવાની યદ્ચ્છ રીતે થવી જોઈએ.

૨. સ્વતંત્ર પરીવર્ત્ય સિવાયના બધા ઘટકોને-પરીવર્ત્યોને સ્થિર રાખવા જોઈએ.

## પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથ :

સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં મુખ્યત્વે નિયંત્રિત જૂથ પરિસ્થિતિનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં બે જૂથો પસંદ- તેની સભ્ય સંખ્યા, જાતી, શિક્ષણ, બુદ્ધિ, અભુરુચી, મનોવલણ વગેરે બાબતોની દ્સ્તીએ સમાન હોય છે.

બંનેમાંથી એક જૂથને વિશિષ્ઠ સામાજિક પરિસ્થિતિમાંથી પસાર કરવામાં આવે છે. આ જૂથને પ્રાયોગિક જૂથ કહેવામાં આવે છે, જયારે બીજા જૂથને વિશિષ્ઠ સામાજિક પરિસ્થિતિમાંથી પસાર કરવામાં આવતું નથી. આ જૂથને નિયંત્રિત જૂથ કહેવામાં આવે છે.

પ્રયોગના અંતે આ બંને જૂથોમાં સામાજિક વર્તનની દ્રષ્ટીએ જે ફેરફાર જણાય છે તે ફેરફાર વિશિષ્ઠ સામાજિક પરિસ્થિતિને કારણે છે તેમ કહી શકાય. દા.ત. પ્રચારની ચોક્કસ રાજકીય પક્ષ પરત્વેના મનોવલણ પર શી અસર થાય છે તે અંગેના પ્રાયોગિક અભ્યાસમાં રાજકીય પક્ષ પરત્વે સમાન મનોવલણ ધરાવનાર બે જૂથ પસંદ કરવામાં આવે છે. તેમાંના એક જૂથને (પ્રાયોગિક જૂથને) વિશિષ્ઠ સામાજિક પરિસ્થિતિ (પ્રચાર) પુરી પાડવામાં આવે છે. તે જુથમાં તે પક્ષના નેતાને બોલાવીને રાજકીય પક્ષ અંગેનો પ્રચાર કરવામાં આવે છે. જ્યારે બીજા જુથમાં (નિયંત્રિત જુથમાં) કોઈપણ પ્રકારનો પ્રચાર કરવામાં આવતો નથી. અંતે, બંને જૂથના રાજ્કોય પક્ષ અંગેના મનોવલણમાં જો ફેરફાર થાય તો તે પ્રચારને કારણે જ છે તેમ કહી શકાય.

જયારે બે સમાન જૂથોને પ્રાપ્ત કરવા મુશ્કેલ હોય ત્યારે એક જ જૂથને પસંદ કરાય છે. આ જૂથના વર્તન કે મનોવલણનું પ્રથમ માપન કરાય છે. ત્યાર પછી વિશિષ્ઠ સામાજિક પરિસ્થિતિ પૂરી પાડવામાં આવે છે. ત્યાર પછી તે જૂથના વર્તન કે મનોવલણનું ફરીથી માપન કરવામાં આવે છે. આ બંને સમયના માપનમાં જે ફેરફાર થાય છે તે વિશિષ્ઠ સામાજિક પરિસ્થિતિને કારણે જ છે તેમ કહી શકાય.

દા.ત. જૂથના કુટુંબ નિયોજન પરત્વેના મનોવલણ પર પ્રચારની શી અસર થાય છે તે અંગેના પ્રાયોગિક અભ્યાસમાં એક જૂથ પસંદ કરવામાં આવે છે. શરૂઆતમાં જૂથના સભ્યોના કુટુંબ નિયોજન પરત્વેના મનોવલણોનું માપન કરવામાં આવે છે. ત્યાર પછી ચલચિત્રો, ભાષણો, પુસ્તિકાઓ વગેરે દ્વારા કુટુંબ નિયોજનનો પ્રચાર કરવામાં આવે છે. આ બંને સમયના માપનમાં મનોવલણોમાં જે ફેરફાર થાય છે તે ફેરફાર પ્રચારને કારણે જ છે તેમ કહી શકાય.

**પ્રાયોગિક અભ્યાસો :** સમાજલક્ષી મનોવિજ્ઞાનના ક્ષેત્રે વિવિધ પ્રકારના પ્રાયોગિક અભ્યાસો થાય છે. શેરીફ, કર્ટ લેવિન, ઓલપાર્ટ વગેરે મનોવૈજ્ઞાનિકોએ સમાજલક્ષી મનોવિજ્ઞાનના ક્ષેત્રે પ્રાયોગિક અભ્યાસો કર્યા છે.

## પ્રયોગ પધ્ધતીના ફાયદાઓ :

(૧) પ્રયોગમાં પરિસ્થિતિનું નિયંત્રણ કરી શકાય છે. તેને પરિણામે શુદ્ધ કાર્યકારણના સંબંધો સ્થાપી શકાય છે.

(૨) પ્રયોગશાળામાં પરિસ્થિતિનું પરિવર્તન કરી શકાય છે. તેને પરિણામે ચોક્કસ અને શુદ્ધ પરિણામો પ્રાપ્ત થાય છે.

(૩) પ્રયોગના પરિણામોની ચકાસણી થઇ શકે છે,

(૪) પ્રયોગમાં આંકડાશાસ્ત્રીય પધ્ધતિ દ્વારા સંખ્યાત્મક-પ્રમાણાત્મક પરિણામો લાવી શકાય છે.

## <u>પ્રયોગ પદ્ધતિની મર્યાદાઓ :</u>

(૧) વ્યક્તિના સામાજિક વર્તન પર અનેક સામાજિક તેમજ સાંસ્કૃતિક પરિબળો અસર કરે છે. આ બધા જ પરિબળોનું પ્રયોગમાં નિયંત્રણ કરવું શક્ય નથી.

(૨) કેટલાક પ્રાયોગિક અભ્યાસો નૈતિક કારણોસર કરી શકતા નથી, દા.ત. કોમી હુલ્લડો, જૂથ-જૂથ વચ્ચેના સંઘર્ષ, ટોળાનુ આક્રમક વર્તન વગેરે અંગે પ્રાયોગિક અભ્યાસો થઇ શકે નહિ.

(૩) પ્રયોગમાં કેટલીક સામાજિક પરિસ્થિતિઓને કૃત્રિમ રીતે ઉપજાવવામાં આવે તો તેને પરિણામે તેની સ્વાભાવિકતા રહેતી રહેતી નથી અને તેથી વાસ્તવિક પરિણામો પ્રાપ્ત થતા નથી.

*****